તાપમાન
મહત્તમ : ૨૩.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૧ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૦૬ | ૧૭ જાન્યુઆરી, ૨૦૧૭, મંગળવાર ; પોષ વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# અખિલેશ યાદવને મળી 'સાઈકલ'

## વર્ચસ્વની લડાઈમાં અખિલેશ છાવણીની આખરે જીત : પાર્ટીનું નામ પણ અખિલેશ યાદવને જ આપવાનો ચૂંટણી પંચનો અતિ મહત્વનો રાજકીય નિર્ણય : મોટાભાગના પક્ષોના સભ્યો અખિલેશની તરફેણમાં રહ્યા



નવી દિલ્હી, તા.૧૬

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીથી પહેલા સમાજવાદી પાર્ટીમાં ચાલી રહેલી પ્રભુત્વની લડાઈમાં આખરે અખિલેશ છાવણીની જીત થઈ છે. ચૂંટણી પંચે આજે અખિલેશ છાવણીની તરફેણમાં ચુકાદો આપીને સાઈકલ ચૂંટણી પ્રતિક મુખ્યમંત્રી અખિલેશ યાદવને સોંપી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચે એવો નિર્ણય કર્યો છે કે પાર્ટીનું નામ પણ અખિલેશ યાદવને જ આપવામાં આવશે. આ બાબતની પણ શક્યતા છે કે ચૂંટણી પંચ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યા બાદ આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. મુલાયમસિંહ યાદવ પહેલાથી જ કહી ચુક્યા છે કે ચૂંટણી પંચ ઉપર તમામ બાબત આધારીત છે.

ચૂંટણી પંચને લઈને ચાલી રહેલી હિલચાલ વચ્ચે એમ માનવામાં આવે છે કે આગામી દિવસોમાં પણ અખિલેશ છાવણીની જીત રહેશે. ચૂંટણી પંચના આ નિર્ણયથી હવે સ્પષ્ટ થઈ ગયું છે કે અખિલેશ યાદવ સાઈકલના પ્રતિક સાથે વિધાનસભાની ચૂંટણીમાં ઉતરશે. મુખ્યમંત્રી અખિલેશ યાદવ પોતાના કાકા શિવપાલ યાદવની સાથે શું કરે છે તે બાબત મહત્વપૂર્ણ રહેશે. શિવપાલે થોડાક દિવસ પહેલા જ પાર્ટીમાં આંતરિક ખેંચતાણના કારણે ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડની વિધાનસભા ચૂંટણી પહેલા કેટલાક ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી હતી. નસીમ જેદીના નેતૃત્વમાં ત્રણ સભ્યોના ચૂંટણી પંચે ૧૩મી જાન્યુઆરીના દિવસે બંને પક્ષોની સુનાવણી કર્યા બાદ ચુકાદો અનામત રાખ્યો હતો. અખિલેશની તરફેણમાં ચુકાદો આવવા માટે કેટલાક કારણો જવાબદાર દેખાઈ રહ્યા છે. પાર્ટીના સભ્યો દ્વારા હસ્તાક્ષર કરવામાં

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણી પંચના નિર્ણયથી હવે મુલાયમસિંહ એકલા પડ્યા

### પુત્ર અખિલેશ યાદવ પિતા કરતા પણ વર્ચસ્વની લડાઈમાં આગળ નીકળી ગયા : સપાના સભ્યો અખિલેશની સાથે



નવી દિલ્હી, તા. ૧૬

ચૂંટણી પંચે અતિ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યા બાદ મુલાયમસિંહ યાદવને મોટો ફટકો પડ્યો છે. વિધાનસભા ચૂંટણી પહેલા જ મુલાયમસિંહ યાદવ લડાઈમાં બિલકુલ એકલા પડી ગયા છે. ચૂંટણી પંચે રાજકીય ગરમીના દોર વચ્ચે આ ચુકાદો આજે આપ્યો હતો. ચૂંટણી પંચે ઘણી બધી બાબતોને ધ્યાનમાં લીધી હતી. ચૂંટણી પંચનું કહેવું છે કે રામગોપાલની અરજીમાં ૩૧ રાષ્ટ્રીય કારોબારીના સભ્યો, ૫૨૪૨ પાર્ટીના પ્રતિનિધિઓ, ૧૯૫ ધારાસભ્યો, ૪૮ એમએલસીના હસ્તાક્ષર હતા. ચાર લોકસભાના સાંસદો અને ૧૧ રાજ્યસભાના સાંસદોના પણ હસ્તાક્ષર હતા.

● અનુસંધાન પાન-૭ પર

## ડોલર સામે રૂપિયો ૬૮.૧૨ની સપાટીએ

મુંબઈ, તા. ૧૬

ડોલર સામે રૂપિયો આજે ચાર પૈસા સુધરીને આખરે બંધ રહ્યો હતો. જેના પરિણામ સ્વરૂપે કારોબારીઓને આંશિક રાહત થઈ હતી. ડોલર સામે રૂપિયો આજે સવારે ઈન્ટર બેંક ફોરેન એક્સચેન્જ માર્કેટમાં ૬૮.૨૫ની સપાટીએ ખુલ્યો હતો. છેલ્લા કોરાબારી સેશનમાં ડોલર સામે રૂપિયો ૬૮.૧૨ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો આજે ૬૮.૨૬ અને ૬૮.૧૦ની રેન્જમાં રહ્યો હતો.

# હવે એટીએમમાંથી ૧૦ હજાર ઉપાડી શકાશે

## નોટબંધી બાદ રોકડ ઉપાડવામાં રાહત : બચત ખાતામાંથી ઉપાડવાની મર્યાદા ૨૪ હજાર યથાવત રખાઈ જ્યારે કરંટ એકાઉન્ટમાંથી રોકડ ઉપાડવાની મર્યાદા ૫૦ હજારથી ૧ લાખની કરાઈ

નવી દિલ્હી, તા.૧૬

નોટબંધી બાદ સામાન્ય લોકોને હવે સૌથી મોટી રાહત મળી ગઈ છે કારણ કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે એટીએમમાંથી રોકડ ઉપાડ મર્યાદા વર્તમાન ૪૫૦૦ રૂપિયાથી વધારીને ૧૦,૦૦૦ રૂપિયા કરી દીધી હતી. જોકે સેવીંગ બેંક એકાઉન્ટમાંથી ચેક મારફતે કેશ ઉપાડ માટેની મર્યાદા યથાવત રીતે સપ્તાહમાં ૨૪,૦૦૦ રૂપિયા જાળવી રાખવામાં આવી છે. આરબીઆઈએ કરન્ટ એકાઉન્ટમાંથી રોકડ ઉપાડ માટેની મર્યાદા પ્રવર્તમાન ૫૦,૦૦૦ થી વધારીને એક લાખ રૂપિયા પ્રતિ સપ્તાહ કરી દીધી છે. રિઝર્વ બેંક દ્વારા આજે જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. રિઝર્વ બેંકના આ નિર્ણયથી સામાન્ય લોકોને મોટી રાહત મળી ગઈ છે. એટીએમમાંથી ઉપાડની મર્યાદા વર્તમાન ૪૫૦૦ રૂપિયાથી વધારીને હવે ૧૦,૦૦૦ રૂપિયા પ્રતિ રોજ પ્રતિ કાર્ડ કરી દેવામાં આવી છે. જ્યારે કરન્ટ એકાઉન્ટમાંથી ઉપાડ પરની મર્યાદા પ્રતિ સપ્તાહ ૫૦,૦૦૦ થી વધારીને એક લાખ રૂપિયા કરી દેવામાં આવી છે. ઓવરડ્રાફ્ટ અને કેશ ક્રેડિટ એકાઉન્ટમાં પણ આ હિલચાલ અમલી બનાવવામાં આવી છે. આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં આ મુજબની

● અનુસંધાન પાન-૭ પર

# રામલીલામાં ભગવાન રામ મોદીના માસ્ક સાથે હશે : રાહુલ

## મોદી ગરીબને લઈને રાજનીતિ રમે છે પણ લાખોના વસ્ત્રો પહેરે છે : ખાદી માટે મોદી હવે પ્રતિનિધિ બન્યા : રાહુલ ગાંધીના મોદી ઉપર આકરા પ્રહારો

રીશીકેષ, તા.૧૬

ઉત્તરાખંડના રીશીકેષમાં કોંગ્રેસના કાર્યકરોને સંબોધતા પાર્ટીના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. ચરખા સાથે ફોટાને લઈને મોદી પર ટીકા ટિપ્પણી કરતા રાહુલે કહ્યું હતું કે આગામી વર્ષે જ્યારે રામલીલા યોજાશે ત્યારે ત્યાં પણ ભગવાન રામ મોદીના માસ્ક સાથે નજરે પડશે. રાહુલ નાટકીય રીતે મંચ પર પોતાના ફાટેલા કુર્તાને દર્શાવતા કહ્યું હતું કે મોદી ગરીબની રાજનીતિ રમે છે પરંતુ તેમના આ વસ્ત્રો ક્યારેય ફાટતા નથી. રાહુલે કહ્યું હતું કે કોંગ્રેસના ચૂંટણી પ્રતિક હાથને લઈને દરેક ધર્મમાં નજરે પડે છે. પોતાના સંબોધનમાં એમ પણ કહ્યું હતું કે આ દેશને માત્ર એક વ્યક્તિ ચલાવી શકે નહીં. ગાંધીજીના ફોટાને દુર કરી દેવામાં આવ્યા છે. મોદી ચરખા સાથે નજરે પડી રહ્યા છે. ખાદીના પ્રતિનિધિ હવે મોદી બની ગયા છે. મંત્રીઓ કહી રહ્યા છે કે મોદી ગાંધીજી કરતા પણ મોટા બ્રાન્ડ છે. જે વ્યક્તિએ છાંતીમાં ત્રણ ગોળીઓ ખાધી હતી તે વ્યક્તિને હવે મોદીના કારણે દુર કરવામાં આવી ચુક્યા છે. આગામી વર્ષે જ્યારે રામલીલા થશે ત્યારે ત્યાં પણ મોદી જ નજરે પડશે. ભગવાન રામ આવશે ત્યારે મોદીના માસ્ક પહેરીને આવશે. મોદી ઈચ્છે છે કે દેશ ઉપર માત્ર એક વ્યક્તિનું શાસન રહે.

# ઉત્તર ભારત ઠંડુગાર

## સામાન્ય જનજીવન પર પ્રતિકુળ અસર : જમ્મુ કાશ્મીરના અનેક ભાગોમાં પારો માઈનસ ૧૦થી નીચે પહોંચી ગયો



નવી દિલ્હી, તા. ૧૬

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી પડી રહી છે. જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં તો તાપમાન માઈનસ ૧૦ ડિગ્રીથી નીચે પહોંચી ગયુ છે. જ્યારે કેટલાક ભાગોમાં હજુ પણ બરફની ચાદર છવાયેલી છે. હિમાચલ અને કાશ્મીરમાં ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા નોંધાઈ છે. મેદાની ભાગોંમાં ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. ધુમ્મસના કારણે ટ્રેન અને વિમાની સેવા પર અસર થઈ છે. જમ્મુ-કાશ્મીરમાં ૪૦ દિવસના સૌથી તીવ્ર ઠંડીના ગાળાની શરૂઆત ૨૧મી ડિસેમ્બરના દિવસે થઈ હતી. જેની ૩૦મી જાન્યુઆરીના દિવસે પૂર્ણાહુતિ થશે. કાશ્મીર ખીણમાં પાણીમાં બરફ જામી ગયો છે. ગુલમર્ગ અને પહેલગામમાં ક્રમશઃ પારો માઈનસ ૧૪.૪ અને માઈનસ ૧૨ ડિગ્રી નોંધાયો છે. બાજુ ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. ટ્રેન અને વિમાની સેવાને માઠી અસર થઈ છે. કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા થઈ છે. તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. ઉંચાણવાળા કેટલાક વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે હિમવર્ષા થઈ રહી છે. હવામાનમાં એકાએક પલટો આવ્યા બાદ સ્થિતીમાં સુધારો થયો છે. આ વરસાદના કારણે જાન્યુઆરી મહિનામાં હજુ સુધી નહી અનુભવાઈ રહેલી ઠંડીની વાપસી થઈ છે. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હિમવર્ષાના લીધે બરફની ચાદર છવાઈ ગઈ છે.

# ખાદી કેલેન્ડર પર ફોટોથી વડાપ્રધાન મોદી લાલધુમ

## સંબંધિતો પાસે જવાબની માંગ કરાઇ

નવી દિલ્હી, તા. ૧૬

ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ના કેલેન્ડર અને ડાયરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટોના ઉપયોગને લઈને વડાપ્રધાન કચેરી દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. મંજુરી વગર ફોટોનો ઉપયોગ કરવામા આવ્યા બાદ આને લઈને નારાજગી જોવા મળી રહી છે. સાથે સાથે આ મામલે માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ પાસેથી જવાબની માંગ કરવામાં આવી છે. આ મામલાથી વાકેફ રહેલા સુત્રોએ કહ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આને લઈને નાખુશ છે. આ મુદ્દે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને અરવિન્દ કેજરીવાલ પ્રશ્નો ઉઠાવી ચુક્યા છે. સાથે સાથે આન્ય રાજકીય પક્ષોએ પણ ટિકા કરી છે. નામ જાહેર નહી કરવાની શરતે સુત્રોએ કહ્યુ છે કે મંજુરી વગર સરકારી અથવા તો પ્રાઈવેટ કંપની તરફથી વડાપ્રધાનના ફોટોનો ઉપયોગ કરવાનો મામલો આ પ્રથમ નથી. આ પહેલા પણ આ પ્રકારના બનાવો બની ચુક્યા છે. એક મોટા અધિકારીએ કહ્યુ છે તકે વડાપ્રધાનને ખુશ કરવા માટે અથવા તો તેમના નજીકના લોકો તરીકે દેખાવવા માટે આ કામ કર્યુ નથી.

# ૨૪માં સપ્તાહમાં ગર્ભપાતને સુપ્રિમ કોર્ટે આપેલી મંજુરી

## ગર્ભ અર્ધવિકસિત છે અને જન્મથી કોઈજ ફાયદો થશે નહીં તેવા તબીબી આધાર બાદ સુપ્રિમ કોર્ટનો અતિ મહત્વનો ચુકાદો

નવી દિલ્હી, તા. ૧૬

સુપ્રિમ કોર્ટે આજે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. જેના ભાગરૂપે સુપ્રિમ કોર્ટે તબીબી રિપોર્ટમાં અભ્યાસ કર્યા બાદ ૨૪માં સપ્તાહના સગર્ભાવસ્થાના ગાળામાં પણ ગર્ભપાત માટેની મંજુરી આપી દીધી છે. એવું જાણવા મળ્યું હતું કે ગર્ભમાં રહેલા બાળકને માથું નથી. ૨૨ વર્ષીય મહિલા મહારાષ્ટ્રની છે. સ્પેશિયાલિસ્ટોની ટુકડી દ્વારા ગર્ભપાત માટેની ભલામણ કરવામાં આવી હતી કારણ કે એવું જાણવા મળ્યું હતું કે ગર્ભ અર્ધવિકસીત છે. સુપ્રિમ કોર્ટે મહિલાની તમામ તબીબી ચકાસણી હાથ ધરવા માટે પારેલના કેઈએમ હોસ્પિટલમાં આદેશ કર્યો હતો. ગેસસ્ટેશનમાં ૨૧મી સપ્તાહમાં ખામી અંગે માહિતી મળી ગઈ હતી. મેડિકલ ટર્મીનેશન ઓફ પ્રેગનન્સી એક્ટ ૧૯૭૧ દ્વારા ગર્ભપાત કરવા માટેની મર્યાદા ૨૦ સપ્તાહની રાખવામાં આવી છે. ૨૦ સપ્તાહ પૂર્ણ

● અનુસંધાન પાન-૭ પર

# બજેટમાં નાના કરદાતાને રાહત મળે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૧૬

નરેન્દ્ર મોદી સરકાર પોતાના ચોથા બજેટમાં ડાયરેક્ટ ટેક્સમાં મોટા ફેરફાર કરવા માટેની તૈયારીમાં છે. સરકારનુ ધ્યાન કોર્પોરેટ ટેક્સ અને પર્સનલ ઈનકમ ટેક્સ પર કેન્દ્રિત રહેશે. સરકાર નોટબંધી બાદ મંદીમાં રહેલા અર્થતંત્રમાં નવા પ્રાણ ફુકવા માટે કેટલાક પગલા જાહેર કરી શકે છે. સરકાર અર્થતંત્રને ગ્રોથના રસ્તા પર લાવવા માટે સજ્જ છે. નાણાં પ્રધાન અરૂણ જેટલી પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરનાર છે. આ વખતે નવી પરંપરા શરૂ કરવામા આવી રહી છે. બજેટ એક મહિના પહેલા રજૂ કરવામાં આવનાર છે. સામાન્ય રીતે બજેટ ફેબ્રુઆરીના અંતિમ દિવસે રજૂ કરવામાં આવે છે. જેટલી કહી

● અનુસંધાન પાન-૭ પર

# એક ટકા અમીરો પાસે ૫૮ ટકા સંપત્તિ

## આંકડો ૫૦ ટકાના વૈશ્વિક આંકડા કરતા પણ વધારે છે ભારતના ૮૪ અબજોપતિઓની સંપત્તિ ૧૬ લાખ કરોડ

નવી દિલ્હી, તા. ૧૬

દેશના સામાન્ય લોકોની આવકમાં અસમાનતા વચ્ચેનું અંતર અતિ ઝડપથી વધી રહ્યું છે. આનો અંદાજ આ બાબતથી જ મુકી શકાય છે કે દેશની ૫૮ ટકા સંપત્તિ પર માત્ર અહીંની ૧ ટકા વસ્તીનો કબજો છે. આ આંકડો ૫૦ ટકાના વૈશ્વિક આંકડા કરતા પણ વધારે છે. ઓક્સફેમ દ્વારા પોતાના અભ્યાસમાં આ મુજબના તારણો જારી કરવામાં આવ્યા છે. જ્યારે વર્લ્ડ ઈકોનોમિક ફોરમે વાર્ષિક બેઠકમાં સામેલ થવા માટે દુનિયાભરના નિષ્ણાતો દાઓસ પહોંચી રહ્યા છે ત્યારે આ અંગેના આંકડા સપાટી ઉપર આવ્યા છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં માત્ર ૫૭ અમીર લોકોની પાસે ૧૫ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. આટલી જ રકમ દેશમાં એવા ૭૦ ટકા લોકોની પાસે છે જે આર્થિક દ્રષ્ટીએ નીચલી સપાટીએ આવે છે. વૈશ્વિક સ્તર પર આ સ્થિતિ વધારે ખરાબ છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દુનિયાના માત્રને માત્ર ૮ સૌથી અમીર લોકોની પાસે આટલી સંપત્તિ છે જેટલી અડધી ગરીબ વસ્તીની પાસે છે. એટલે કે આઠ સૌથી અમીર લોકોની પાસે દુનિયાની ૫૦ ટકા વસ્તીના બરોબર સંપત્તિ રહેલી છે. અભ્યાસ મુજબ ભારતમાં કુલ ૮૪ અબજોપતિ છે. તેમની પાસે આશરે ૧૬ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ છે. અબજોપતિની આ યાદીમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડના માલિક મુકેશ અંબાણીની કુલ ૧.૩૧ લાખ કરોડ રૂપિયાની કુલ સંપત્તિ છે અને દેશમાં તેઓ પ્રથમ સ્થાન પર છે. ત્યારબાદ દિલીપ સંઘવી છે. તેમની સંપત્તિ ૧.૧૩ કરોડ


ઓપરેશન
કમરનો દુઃખાવો, કાકડા (ટોન્સીલ) એડીનોઈડ, મસા પ્રોસ્ટેટ, પથરી
Dr. Patel's homeocare
૨૦૬, વિડીયોકોન અરીઝોના, નવગુજરાત કોલેજ પાસે, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, અમદાવાદ.
ફ્રી કન્સલ્ટીંગ : ૯૦૫૪૬૨૪૬૭૨

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય